ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ધરતીપુત્રોની ચિંતા હળવી થઈ | આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના સુકાતા ચોમાસુ પાકને મળ્યું 'નવું જીવતદાન'

ચરોતરમાં મહિનાના લાંબા વિરામ બાદ મેઘરાજાની પધરામણી

અસહ્ય બફારા બાદ મોડી સાંજે ગાજવીજ સાથે ધોધમાર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

ચરોતર પંથકમાં સતત ૩૪ દિવસના લાંબા વિરામ બાદ રવિવારે મોડી સાંજે મેઘરાજાનું પુનઃ આગમન થતાં સુકાઈ રહેલા ચોમાસુ પાકને નવું જીવતદાન મળ્યું છે. આણંદ અને નડિયાદ સહિત સમગ્ર જિલ્લામાં દિવસભરના આકરા ઉકળાટ અને બફારા બાદ અચાનક આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા હતા અને ગાજવીજ સાથે તૂટી પડેલા વરસાદથી વાતાવરણમાં ભારે

ઠંડક પ્રસરી ગઈ હતી. સિંચાઈની સગવડ વગરના વિસ્તારોમાં ડાંગર સહિતના પાક બળી રહ્યા હતા, ત્યારે આ વરસાદ ખેડૂતો માટે 'કાચા સોના' સમાન નીવડ્યો છે.

નડિયાદ અને આણંદ જિલ્લામાં રવિવારે સવારથી જ લોકો આકરી ગરમી અને અસહ્ય ઉકળાટનો સામનો કરી રહ્યા હતા. મોડી સાંજે ગાજવીજ સાથે તૂટી પડેલા વરસાદ અને વાતાવરણમાં અગાઉથી રહેલા ભેજના કારણે ગરમીમાંથી મોટી રાહત મળી હતી. જોકે, નડિયાદ શહેરમાં સતત વરસાદ વરસવાના કારણે અનેક મુખ્ય માર્ગો, નીચાણવાળા વિસ્તારો અને ગરનાળામાં પાણી ભરાઈ ગયા હતા. અચાનક તૂટી પડેલા વરસાદના કારણે કામકાજ અર્થે બહાર નીકળેલા લોકો તથા રાહદારીઓ ભારે હાલાકીમાં મુકાયા હતા. જોકે વરસાદનું જોર ઘટતાં માર્ગો પરથી ધીમે ધીમે પાણી ઓસરવાનું શરૂ થયું હતું અને વાહનવ્યવહાર પૂર્વવત બન્યો હતો.

ચરોતરમાં છેલ્લા એક મહિનાથી વધુ સમયથી વરસાદ ખેંચાવાના કારણે સિંચાઈની સુવિધા ન ધરાવતા ખેતરોમાં ડાંગર સહિતનો ચોમાસુ પાક મુરઝાઈ રહ્યો હતો. રવિવારના વરસાદે બળી રહેલા પાકને બચાવી લીધો છે. મેઘમહેર થતાં ખેડૂતોની ચિંતા હળવી થઈ છે અને હવે સમગ્ર ચોમાસુ સિઝન સુધરી જવાની નવી આશા બંધાઈ છે.

આણંદ, ખેડા જિલ્લામાં અચાનક તૂટી પડેલા વરસાદને કારણે ગણેશ મહોત્સવના આયોજકો અને ભક્તોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. શ્રીજીની પ્રતિમા તથા પંડાલને પલળતાં બચાવવા માટે મંડળોના યુવકોએ તાત્કાલિક પ્લાસ્ટિકના કવર અને તાડપત્રીઓ બાંધવાની કવાયત હાથ ધરી હતી. વરસાદના કારણે પંડાલોમાં દર્શનાર્થીઓની ભીડ પણ ઘટી હતી.

નડિયાદમાં અંડરગ્રાઉન્ડ કેબલમાં એકસાથે ૪ ફોલ્ટ સર્જાતાં કલાકો સુધી વીજળી ગુલ

નડિયાદમાં બે ઇંચથી વધુ વરસાદ અને અસહ્ય બફારા વચ્ચે બપોરે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ સાઈબાબા ફીડરમાંથી વીજ પુરવઠો અચાનક બંધ થઈ ગયો હતો. એમજીવીસીએલના ટેલિફોન નંબર સતત વ્યસ્ત કે બંધ આવતા હોવાથી અધિકારીનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે, ચકલાસી ભાગોળ વિસ્તારમાં એકસાથે ૪ કેબલ ફોલ્ટ સર્જાયા છે. મેસેજ દ્વારા ૩:૩૦ વાગ્યાની મુદત આપ્યા બાદ આખરે ૩:૪૫ વાગ્યે વીજળી ચાલુ થઈ હતી, પરંતુ સાંજે ૫:૩૭ વાગ્યે ફરી વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. રવિવારના દિવસે જ વીજળી ડૂલ થતાં નાદુરસ્ત તબિયતવાળા નાગરિકો અને ધંધા-રોજગાર ધરાવતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. એમજીવીસીએલ દ્વારા ૮૦ ટકા અંડરગ્રાઉન્ડ લાઈન નાખી વારંવારનો વીજકાપ બંધ કરવાનો દાવો કરાયો હતો, પરંતુ ફોલ્ટ સમયે આરસીસી રોડ ખોદીને ફોલ્ટ શોધવામાં ભારે સમય વેડફાય છે.

કપડવંજમાં ૩ કલાકમાં ૪૨ મિમી વરસાદ થયો

કપડવંજ પંથકમાં કાળા ડિબાંગ વાદળો અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. ત્રણ કલાકમાં 42 મિમી વરસાદ નોંધાતાં પંથકમાં મોસમનો કુલ વરસાદ 755 મિમી થયો છે. આ વરસાદથી ખેડૂતોના પાકને જીવતદાન મળતાં ખેડૂત આલમમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. બીજી તરફ, વરસાદ આવતાં જ વીજ પુરવઠો ખોરવાઈ જતાં સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો.

નડિયાદના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

નડિયાદ શહેરમાં મોડી સાંજે શરૂ થયેલા સતત વરસાદના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારો અને ગરનાળામાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને કામકાજ અર્થે નીકળેલા લોકો અટવાઈ પડ્યા હતા.

નડિયાદ તાલુકાના ચલાલી ગામની ૪ માસૂમ દીકરીઓએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી

નડિયાદની કેનાલમાં ડૂબી જતાં દંપતીનું મોત

હોસ્પિટલથી પરત ફરતાં દંપતી વચ્ચે ઝઘડો થતાં સગર્ભા પત્નીએ કેનાલમાં છલાંગ લગાવી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

નડિયદના ચલાલી ગામના દંપતી હોસ્પિટલમાં ચેકઅપ કરાવીને પરત ફરી રહયાં હતાં, તે સમયે બન્ને વચ્ચે રસ્તામાં કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી થતાં માઠું લાગી આવવાથી ૮ થી ૯ માસની ગર્ભવતી પત્નીએ સુરાસામળ ગરનાળા પાસે કેનાલમાં કૂદકો માર્યો હતો. પત્નીને પોતાની નજર સામે જ પાણીમાં ઝંપલાવતી જોઈ ગભરાયેલા પતિએ ક્ષણનો પણ વિચાર કર્યા વિના તેને બચાવવા કેનાલમાં ઝંપલાવ્યું હતું. જોકે,

કેનાલના તેજ પ્રવાહમાં બંને તણાઈને ગરકાવ થઈ ગયા હતા. વસોના પલાણા ગામ પાસેથી બંનેના મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને ગમગીની છવાઈ ગઈ છે.

નડિયાદ તાલુકાના ચલાલી ગામના વગડા વિસ્તારમાં રહેતું દંપતી હોસ્પિટલે ચેકઅપ અર્થે ગયું હતું. પરત ફરતી વખતે એક્ટિવા પર જ પતિ-પત્ની વચ્ચે કોઈ વાત પર ઉગ્ર બોલાચાલી થઈ હતી. પતિ સાથે થયેલા ઝઘડાથી મનમાં લાગી આવતાં ૮ થી ૯ માસનો ગર્ભ ધરાવતી પત્નીએ એક્ટિવા પરથી ઉતરીને સીધી જ સુરાસામળ ગરનાળા પાસેની કેનાલના ધસમસતા પ્રવાહમાં છલાંગ લગાવી દીધી હતી.

પોતાની નજર સમક્ષ જ પત્નીને પાણીમાં કૂદતી જોઈને તેને બચાવવાના હેતુથી પતિએ પણ એક ક્ષણનો વિચાર કર્યા વગર કેનાલમાં કૂદકો માર્યો હતો. પરંતુ કેનાલનો પ્રવાહ અત્યંત તેજ હોવાથી બંને પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ બનાવ અંગે જાણ થતાં જ સ્થાનિક લોકો તેમજ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને શોધખોળ હાથ ધરી હતી. ભારે જહેમત બાદ વસો તાલુકાના પલાણા ગામ પાસેથી પસાર થતી કેનાલમાંથી બંને પતિ-પત્નીના મૃતદેહ મળી આવ્યા હતા. મૃતદેહ મળવાની જાણ થતાં જ ચલાલી ગામના વગડા વિસ્તારમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.

ગર્ભસ્થ શિશુ સહિત 3 જીવ જતાં ગામમાં અરેરાટી

આ સમગ્ર કરુણાંતિકા અત્યંત હૃદયદ્રાવક સાબિત થઈ છે કારણ કે મૃતક મહિલા ૮ થી ૯ માસનો ગર્ભ ધરાવતી હતી, જેના કારણે પતિ-પત્ની અને ગર્ભસ્થ શિશુ સહિત એકસાથે કુલ ત્રણ જીવ હોમાયા છે. મૃતક દંપતીને સંતાનમાં ૪ નાની બાળકીઓ છે, જેઓ અચાનક માતા-પિતાની છત્રછાયા ગુમાવી દેતાં સાવ નિરાધાર બની ગઈ છે. ઘરમાંથી એકસાથે બે અર્થીઓ ઉઠવાની નોબત આવતાં પરિવાર પર આભ તૂટી પડ્યું છે. જોકે, આટલી ગંભીર ઘટના બની હોવા છતાં હજુ સુધી સત્તાવાર રીતે પોલીસ ચોપડે કોઈ જ વિગતો નોંધાઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

ખેડામાં આતશબાજી અને વરસાદ વચ્ચે ગણપતિ બાપાનું ભવ્ય આગમન

ખેડા શહેરમાં ગણેશ મહોત્સવને લઈને સરદાર માર્કેટ સહિત વિવિધ મંડળો દ્વારા ગણપતિ દાદાના બિરાજમાન થવા માટે પૂરજોશ તૈયારીઓ કરાઈ છે. ડીજેના ઢોલ-ઘમાકા અને ભવ્ય આતશબાજી વચ્ચે 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદ સાથે શોભાયાત્રા કાઢી પ્રતિમા પંડાલ સુધી લાવવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી નીલકંઠ મહાદેવ મંદિરના મહંત શ્રી કનૈયાનંદજી મહારાજ ખાસ ઉપસ્થિત રહી દાદાના દર્શન કર્યા હતા. રાત્રે વરસેલા વરસાદમાં પણ ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડી દાદાના દર્શનનો લાભ લીધો હતો.

તસવીર : પ્રગ્નેશ ભાવસાર

વહેરાખાડીમાં બે વર્ષ પહેલાના આપઘાત કેસમાં એફએસએલ રિપોર્ટ આવ્યો

આણંદ : વહેરાખાડી મંડળીના ચેરમેન સેક્રેટરીના ત્રાસથી કલાર્કનો આપઘાત

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

આણંદ તાલુકાના વહેરાખાડી ગામની સેવા સહકારી મંડળીમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા ૪૫ વર્ષીય દિલીપસિંહ છત્રસિંહના આપઘાત પ્રકરણમાં બે વર્ષ બાદ ચેરમેન અને સેક્રેટરી વિરુદ્ધ ગુનો નોંધાયો છે. આ બનાવ સમયે પોલીસે અકસ્માતે મોત નોંધી સુસાઈડ નોટ FSLમાં મોકલી હતી, જેનો રિપોર્ટ સાચો આવતાં મૃતકના પુત્રની ફરિયાદના આધારે ખંભોળજ પોલીસે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

ખંભોળજ પોલીસમાં ફરિયાદ મુજબ, મૃતક દિલીપસિંહ આશરે આઠ વર્ષથી વહેરાખાડી સેવા સહકારી મંડળીમાં કલાર્ક તથા કોમ્પ્યુટર ઓપરેટર તરીકે સેવા આપતા હતા. તેઓ ૨૩મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ઘરેથી ગુમ થયા બાદ સાંજના સમયે ગામની પાછળ આવેલા ખેતરમાં ઝાડની ડાળ સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાધેલી હાલતમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે પરિવારજનો અને ગ્રામજનોએ તેમને ૧૦૮ મારફતે સારસા સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ સમયે મૃતદેહના પેન્ટના ખિસ્સામાંથી મળી આવેલી સુસાઈડ નોટ મુજબ, મંડળીમાં રોકડ, ખાતર અને અનાજ વેચાણના હિસાબ બાબતે ચેરમેન જગદીશ ઈશ્વરભાઈ પટેલ અને સેક્રેટરી જશભાઈ ઘુડાભાઈ પરમાર અવારનવાર દબાણ કરતા હતા. પોતે નાણાં ભરી દીધા હોવા છતાં બંને હોદ્દેદારો 'પૈસા ભર નહીતર પોલીસ કેસ કરી દઈશું.' તેવી ધમકીઓ આપતા હતા, જેના માનસિક ત્રાસથી કંટાળીને તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હતું. આ બનાવ બાદ ખંભોળજ પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માતે મોતનો ગુનો નોંધી સુસાઈડ નોટને એફએસએલ ખાતે ચકાસણી અર્થે મોકલી આપી હતી. આખરે, એફએસએલ રિપોર્ટ આવ્યા બાદ પરિવારજનો અને સાક્ષીઓની હાજરીમાં પુત્ર દિગવતસિંહે નોંધાવેલી ફરિયાદના આધારે ખંભોળજ પોલીસે મંડળીના સેક્રેટરી જશભાઈ પરમાર અને ચેરમેન જગદીશભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આણંદ નજીક રોંગ સાઈડમાં દોડતા ટેન્કરે એકનો જીવ લીધો

વડોદ પાસે નેશનલ હાઈવે પર બે બાઈકને અડફેટે લેતા ૩ ઘાયલ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

આણંદ તાલુકાના વડોદ ગામ નજીક નેશનલ હાઈવે ૪૮ પર આવેલી સતલુજ હોટલ પાસે રોંગ સાઈડમાં પૂરઝડપે ધસી આવેલા ટેન્કર ટ્રકે સામેથી આવતા બે મોટરસાયકલને અડફેટે લેતાં એક યુવકનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ત્રણ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

આણંદ તાલુકાના રામનગર ગામના મહેન્દ્રભાઈ હરમાનભાઈ સોઢા પરમાર અને તેમના મિત્ર જશવંતભાઈ રમણભાઈ સોઢા પરમાર આંકલાવના કંથારીયા ખાતે મજૂરી કામ પતાવી બાઈક પર પરત ઘરે ફરી રહ્યા હતા. સાંજે વડોદરાથી આણંદ તરફ જતા નેશનલ હાઈવે પર રામનગર રૂપારેલ બ્રિજ પર સામેથી રોંગ સાઈડમાં ત્રીજી લાઈનમાં પૂરઝડપે આવતા ટેન્કર ટ્રકના ચાલકે તેમના બાઈકને સામેથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત સર્જાતાં બન્ને બાઈક સાથે ટેન્કરના આગળના ભાગમાં ફસાઈ ગયા હતા. તેમ છતાં ટેન્કર ચાલકે વાહન ઊભું રાખ્યા વિના રોંગ સાઈડમાં હંકારી મૂક્યું હતું. જેના કારણે જશવંતભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે મહેન્દ્રભાઈને સારવાર અર્થે આણંદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ ઉપરાંત, આ ટેન્કર ટ્રકે અડાસ ગામના મેહુલ રજનીભાઈ પટેલ અને દર્શન દિનેશભાઈ પટેલના બાઈકને પણ ટક્કર મારતા બન્ને ઘવાયાં હતાં. આ અકસ્માત સર્જનાર ટેન્કર ડ્રાઈવર પણ ઈજાગ્રસ્ત થયો હતો. વાસદ પોલીસે આ અંગે ટેન્કર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

નડિયાદમાં ગાડી જોવાના બહાને લઈ ગયા બાદ બારોબાર વેચી મારી

ટાટા શોરૂમના મેનેજરે એક્સચેન્જ ઓફરની લાલચ આપી ગ્રાહક સાથે છેતરપિંડી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

નડિયાદના ઉત્તરસંડા રોડ પર આવેલા શોરૂમના મેનેજર દ્વારા ગ્રાહક પાસેથી માત્ર શોરૂમમાં બતાવવાના બહાને કાર લઈ જઈ અન્યને બારોબાર વેચી માર્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગ્રાહકની જાણ બહાર કારનો સોદો કરી નાખનાર આ મેનેજર સામે નડિયાદ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

નડિયાદ તાલુકાના મંજિપુરા ગામમાં રહેતા દિલીપકુમાર બારોટ ગત 26મી ઓગસ્ટના રોજ નવી ગાડી ખરીદવાના હેતુથી ટાટાના પ્રોગ્રેસિવ શોરૂમ પર ગયા હતા, જ્યાં શોરૂમના મેનેજર રાજન જોશીએ તેમની હ્યુન્ડાઈ ઓરા ગાડીની કિંમત રૂ. 4.20 લાખ અંદાજી હતી. બાદમાં 28મી ઓગસ્ટના રોજ મેનેજરે તહેવારોની એક્સચેન્જ ઓફર હેઠળ દોઢથી બે લાખ સુધીનો ફાયદો થશે તેવી લાલચ આપી, ગાડી માત્ર શોરૂમ પર બતાવવાના બહાને માંગી હતી અને વિશ્વાસ કેળવવા બે દિવસ માટે પોતાની પાસે રહેલી વેગનઆર ગાડી આપી હતી.

ગત 8મી સપ્ટેમ્બરના રોજ કપડવંજથી ભદ્રેશ પટેલ નામના વ્યક્તિનો દિલીપકુમાર પર ફોન આવતા સમગ્ર ભોપાળું છતું થયું હતું. ભદ્રેશ પટેલે જણાવ્યું હતું કે તેણે આ હ્યુન્ડાઈ ઓરા ગાડી રાજન જોશી પાસેથી રૂ. 4.90 લાખમાં ખરીદી લીધી છે અને તે પેટે રૂ. 3.70 લાખનો ચેકથી તથા રૂ. 1.20 લાખ રોકડા ચૂકવી દીધા છે. જોકે ગાડી પર બેંકની લોન બાકી હોવાથી કાર ટ્રાન્સફર થવામાં અડચણ આવતા આ કારસ્તાન ખુલ્લું પડ્યું હતું.

આખરે, છેતરપિંડીનો અહેસાસ થતા દિલીપકુમારે મેનેજરનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેનો ફોન સ્વિચ ઓફ આવતો હતો. તપાસમાં બહાર આવ્યું છે કે દિલીપકુમારને આપવામાં આવેલી વેગનઆર ગાડી પણ અન્ય ગ્રાહક કેવલ બારોટની હતી, જેમને પણ મેનેજરે આ જ રીતે શીશામાં ઉતારી ગાડી પડાવી લીધી હતી. અગાઉ પણ આ જ મેનેજર સામે નડિયાદ ટાઉન પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ ચૂકી છે. હાલ નડિયાદ રૂરલ પોલીસે આ અંગે ગુનો નોંધી ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

અમૂલ દ્વારા 3 જિલ્લાના ૧૩૦૦ દર્દી માટે પોષણ સહાય યોજનાનો પ્રારંભ

આણંદ, ખેડા અને મહીસાગરના ટીબી દર્દીઓને ૬ મહિના સુધી દર મહિને ૧૫૦૦ની મફત ન્યુટ્રિશન કીટ મળશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન' હેઠળ ભારતને ક્ષય મુક્ત કરવાના ઉદ્દેશથી અમૂલ ડેરીએ સામાજિક જવાબદારીના ભાગરૂપે ૧ કરોડથી વધુ રકમની આર્થિક સહાય સાથે "ટીબી મુક્ત આણંદ-ખેડા-મહીસાગર જિલ્લો" અભિયાન શરૂ કર્યું છે. અમૂલ ડેરીના નિયામક મંડળની બોર્ડ મીટિંગમાં લેવાયેલા સર્વાનુમતે નિર્ણય અનુસાર, ત્રણેય જિલ્લાના કુલ ૧૩૦૦ ટીબી દર્દીઓને સળંગ ૬ મહિના સુધી પૌષ્ટિક આહાર પૂરો પાડવા માટે પોષણ કીટ આપવામાં આવશે.

આ યોજના અંતર્ગત આણંદ જિલ્લાના ૫૦૦, ખેડા જિલ્લાના ૫૦૦ અને મહીસાગર જિલ્લાના (વીરપુર અને બાલાસિનોર) ૩૦૦ દર્દીઓ એમ કુલ ૧૩૦૦ દર્દીઓની જવાબદારી અમૂલ ડેરીએ ઉપાડી છે. આ દર્દીઓને વહેલી તકે ટીબીમાંથી મુક્ત કરવા માટે ૬ મહિના સુધી દર મહિને ૧૫૦૦ની કિંમત ધરાવતી ન્યુટ્રિશન (પોષણ) કીટ આપવામાં આવશે.

આ ન્યુટ્રિશન કીટમાં દર્દીના શારીરિક પોષણ માટે જરૂરી એવા ચણા, ગોળ, સોયાબીન, મગ, સીંગદાણા, ચોખા, સીંગતેલ અને તુવેરદાળ નો સમાવેશ થાય છે. આ પ્રસંગે કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા સાંસદ દેવુસિંહ ચૌહાણ, સ્થાનિક ધારાસભ્યો અને અમૂલ ડેરીના ચેરમેન સાભેસિંહ પરમારની વિશિષ્ટ હાજરીમાં આ યોજનાનો પ્રારંભ કરાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ૧૨૦૦થી વધુ દૂધ મંડળીઓના પ્રતિનિધિઓએ આ જનહિતકારી નિર્ણયને સહર્ષ આવકાર્યો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225